માસિક
Shree Swaminarayan (Gujarati Monthaly)

# શ્રી સ્વામિનારાયણ

પ્રકાશન દર માસની ૧૧ તારીખે ● સળંગ અંક ૨૨૦ ● નવેમ્બર ૨૦૨૫
Volume no. 18, Issue No. 220 • November 2025

## સ્વાસ્થ્ય પથ
## પદયાત્રા



પ્રકાશકઃ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર,અમદાવાદ-૧ Publisher: Shree Swaminarayan Temple, Ahmedabad- 380001 Rs.5/-









પ.પૂ.ધ.ધુ.આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો
૫૩મો પ્રાકટ્યોત્સવ તથા
શાંતિગ્રામ(અદાણી) મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા







અસારવા વાડીમાં બિરાજીત શ્રી વીર હનુમાનજી મહારાજના
શતામૃત પાટોત્સવ પ્રસંગે હનુમાનજીની આરતી ઉતારતા અને
સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા
પ.પૂ. મોટા મહારાજશ્રી






સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી પુરૂષોતમપ્રકાશદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : magazine@swaminarayan.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


વર્ષ - ૧૯ (મૂળ વર્ષ ૫૮) ● સળંગ અંક : ૨૨૦ ● નવેમ્બર-૨૦૨૫


## અ નુ ક્ર મ ણિ કા


૦૧. અસ્મદીયમ્ ૦૪

૦૨. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી,
પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ ૦૫

૦૩. ''સમૈયો''ના ઉપલક્ષમાં શિક્ષાપત્રી ૦૬

૦૪. શ્રીહરિના ૮ મા વંશજના મુખેથી અમૃતવચનો ૦૮

૦૫. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી ૧૦

૦૬. ભક્તિસુધા ૧૧

૦૭. ''સમૈયો''ના ઉપલક્ષમાં ૨૧

૦૮. સત્સંગ સમાચાર ૨૬

**શ્રી સ્વામિનારાયણ**

# અસ્મદીયમ્

વ્હાલા ભક્તો,

દિવાળી આવી ને ગઈ. સંવત ૨૦૮૨ નું નવું વર્ષ શરૂ થઈ ગયું. ડાહ્યા હરિભક્તોએ તો સરવૈયું કાઢ્યું હશે કે હું સત્સંગમાં કેટલો આગળ વધ્યો છું. નફા-નુકશાનનો હિસાબ તો માંડવો પડે ને ! મહારાજે આપણને આજ્ઞા કરી છે, તો ધ્યાન રાખવું પડે ને !

આપણે સૌ શ્રી નરનારાયણદેવના આશ્રિતો ખૂબ ભાગ્યશાળી છીએ કે આપણું નૂતન વર્ષ પરમ શ્રેયસકર અને મંગળમય નીવડે તેવી પ્રાર્થના પ.પૂ. મહારાજશ્રી, પૂ. મોટા મહારાજશ્રી તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રી એ ભગવાનના ચરણોમાં કરી છે. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણું જરૂર શ્રેય કરશે તેમાં શંકા રાખવાની હોય નહિ.

''સમૈયો'' ''સમૈયો'' ખૂબ નજીક આવી રહ્યો છે. આપણા હરિભક્તોનું સુદર્શન ચક્ર ''શિક્ષાપત્રી''ના બસો વર્ષ પૂરા થાય છે. આ ''સમૈયો'' બે રીતે ઉજવવાનો છે. એક તો આ પ્રસંગ તન, મન, ધનથી મારો પ્રસંગ કેમ ભવ્ય રીતે ઉજવાય તે અને બીજું મારું 'જીવન' શિક્ષાપત્રી અનુસાર મારા મહારાજની આજ્ઞા પ્રમાણે કેમ જીવાય તેનો ખટકો.

''સમૈયો''ના આયોજનમાં પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સૌ સહભાગી થઈએ અને આ મારો પ્રસંગ છે એમ માની સૌ આવો અને પ્રસંગને દિપાવવા તમારી સેવાનો અલભ્ય લાભ લો. મહારાજે આપણને પોતાના માની, આપણા શ્રેય અને પ્રેયની કાળજી લેવા લેખિતમાં શિક્ષાપત્રીનો દસ્તાવેજ આપીને ગયા. આજે બસો વર્ષ પછી આપણા ગ્રંથોમાં શિરોમણિરૂપે બિરાજે છે. તો આપણે એમની આજ્ઞા અને ઉપાસનામાં કેમ ફેર પડવા દઈએ ? ગામો ગામ અને શહેર અને પરા વિસ્તારના નાના-મોટા તમામ મંદિરોમાં હરિભક્તોએ સમૈયાના ઉપલક્ષમાં ૨૧૨ મિનિટની મહામંત્ર ધૂન કરી તે સૌને ખૂબ ધન્યવાદ.

કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશીના શુભ દિને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે ''સમૈયા''ના ઉપલક્ષમાં સ્વાસ્થ્ય પથ પદયાત્રા કરી. જેમાં હજારો સંત-હરિભક્તોએ લાભ લીધો હતો.

તો, આવો ''સમૈયો''ને એક સંભારણું બનાવી ધન્યતા અનુભવીએ.

તંત્રીશ્રી (મહંત સ્વામી)<br>
શાસ્ત્રી પુરૂષોતમપ્રકાશદાસના<br>
જયશ્રી સ્વામિનારાયણ



## પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(સપ્ટેમ્બર-૨૦૨૫)**

૩ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર એકાદશીના રોજ દર્શનાર્થે પધાર્યા.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભામાં પધાર્યા.

**(ઓકટોબર-૨૦૨૫)**

૨ શાંતિગ્રામ (અદાણી) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ. ૫૩ મો પ્રાકટ્યોત્સવ પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં સંત-હરિભક્તોએ ઉજવ્યો.
૩ એકાદશીના રોજ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૫ સાંજે ભાટ વિશ્રાંતિ ભુવનમાં પધાર્યા.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમ સત્સંગ સભા પ્રસંગે પધાર્યા.
૮ સાયન્સ સીટી અમદાવાદમાં મહાપૂજા પ્રસંગે પધાર્યા.
૧૨ અસારવા શ્રી સ્વામિનારાયણ વાડી ગુરુકુળમાં શ્રી વીર હનુમાનજીના શતામૃત પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૭ એકાદશીના રોજ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધાર્યા.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી હનુમાનજી મહારાજનું પૂજન આરતી પ્રસંગે પધરામણી. શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા યજ્ઞ પ્રસંગે પધરામણી.
૨૦ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરમાં પરંપરાગત સમૂહ ચોપડા પૂજન પોતાના વરદ્ હસ્તે સંપન્ન થયું.
૨૨ નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.
૨૬ કાંકરિયા (રામબાગ) શ્રી સ્વામિનારાયણ મંદિર પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૨૯ મોટા અંકેવાળીયા (મૂળી પ્રદેશ) મંદિરમાં આરતી ઉતારવા પધાર્યા. રતનપર (મૂળી પ્રદેશ) નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (સપ્ટેમ્બર-૨૦૨૫)

૩ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર જલઝીલણી એકાદશીના શ્રી ગણપતિજીના વરઘોડા પ્રસંગે પધાર્યા.
૫ શ્રી સ્વામિનારાયણ વાડી (ગુરુકુળ) અસારવા શ્રી વીર હનુમાનજી મહારાજના શતામૃત પાટોત્સવ પ્રસંગે આયોજીત વિજય સ્તંભ સ્થાપના પ્રસંગે પધરામણી.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમ સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૧૭ જેતલપુરધામ આગામી દ્વિશતાબ્દી મહોત્સવનાં ઉપલક્ષમાં ૨૦૦ કલાકની ધૂનની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી.

**(ઓકટોબર-૨૦૨૫)**

૨ શાંતિગ્રામ (અદાણી) મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૫૩ મો પ્રાકટ્યોત્સવ પોતાની શુભ નિશ્રામાં ઉજવાયો.
૩ એકાદશીના રોજ શ્રી નરનારાયણદેવના દર્શનાર્થે પધરામણી.
૬ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શરદોત્સવ પ્રસંગે સાંજે આરતી ઉતારવા પધાર્યા.
૭ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર પૂનમની સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૯ અસારવા (સ્વા. વાડી ગુરુકુળ) શ્રી વીર હનુમાનજીના શતામૃત પાટોત્સવ પ્રસંગે પધરામણી.
૧૧-૧૨ દુબઈમાં આયોજીત સત્સંગ સભા પ્રસંગે પધરામણી.
૧૭ કાલુપુર મંદિર એકાદશીના દર્શનાર્થે પધાર્યા.
૧૯ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર શ્રી હનુમાનજી મહારાજની પૂજન આરતી પ્રસંગે પધરામણી.
૨૧ કાલુપુર મંદિરમાં સાંજે દીપોત્સવ પ્રસંગે આરતી ઉતારવા પધાર્યા.
૨૨ નૂતન વર્ષના રોજ શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા.

# શિક્ષાપત્રી

आचार्येणैव दत्तं यद्यच्च तेन प्रतिष्ठितम् ।
कृष्णस्वरुपं तत्सेव्यं वन्द्यमेवेतरत्तु यत् ॥६२॥

**અનુવાદ : અને જે શ્રી કૃષ્ણનું સ્વરૂપ પોતાને સેવવાને અર્થે ધર્મવંશના જે આચાર્ય તેમણે જ આપ્યું હોય અથવા તે આચાર્યે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તે જ સ્વરૂપને સેવવું અને તે વિના બીજું જે શ્રી કૃષ્ણનું સ્વરૂપ તે તો નમસ્કાર કરવા યોગ્ય છે પણ સેવવા યોગ્ય નથી. (૬૨)**

વિવેચન : આ શ્લોકમાં પૂજન કરવા માટેનું ભગવાનનું સ્વરૂપ ક્યું હોવું જોઈએ અને આચાર્યેણ એ શબ્દની વ્યાખ્યા એ બે મહત્વનાં અંગ છે. પોતાના આચાર્યે જે સ્વરૂપ સેવવા માટે આપ્યું હોય અથવા તેમણે જે સ્વરૂપની પ્રતિષ્ઠા કરી હોય તેજ સ્વરૂપને સેવવું તેવી આજ્ઞા છે.

અત્યારે બજારમાં ભગવાનનાં મનકલ્પિત અનેક પ્રકારના ચિત્રો વેચાય છે તેમાં કોઈ ધોરણ કે ભાવ સચવાતો નથી. છાપવામાં કે દોરવામાં તેનાં સાધનોની શુદ્ધતા હોતી નથી. અને સીધાં જ તેવાં ચિત્રો પૂજામાં કે ગોખમાં મૂકી દેવામાં આવે છે તે યોગ્ય નથી. શિક્ષાપત્રીની આજ્ઞા મુજબ વ્યક્તિએ નાહી શુદ્ધ થઈને શુદ્ધ વસ્ત્ર પહેરી શુદ્ધ ભૂમિ ઉપર શુદ્ધ આસન ઉપર પૂજા કરવા બેસવાનું છે. તો પૂજા માટેનું સ્વરૂપ તો શુદ્ધ અને સુરૂચિકર હોવું જોઈએ તે નિર્વિવાદ છે. આવા સ્વરૂપને પૂજામાં રાખતા પહેલાં પ્રાણપ્રતિષ્ઠા કરવી એ મહત્વનું અંગ છે. તેવા સંયોજન પછી જ તે પૂજામાં રખાય; અન્યથા તે સ્વરૂપ નમસ્કાર કરવા યોગ્ય છે. બ્રાહ્મણો પૂજા કરાવે છે ત્યારે आवाहयामि स्थापयामि કહીને આવાહન કરે છે ને પૂજાને અંતે વિસર્જન કરે છે. તેવી જ રીતે પૂજામાં રાખવાના સ્વરૂપને પણ आगच्छ



ભગવન્દેવ વગેરે સૂત્રોથી આવાહન કરી પૂજાને અંતે વિસર્જન કરાય છે. તેમાં પ્રતિષ્ઠાની વિધિ આવેજ છે. પરંતુ તેવા સ્વરૂપને માટે પણ પ્રાથમિક વિધિ બતાવી છે જે આગળ ઉપર કહેવાશે.

પૂજામાં રાખવાનાં સ્વરૂપો અંગે કોઈ નિયંત્રણ થઈ શકે તે માટે આ શ્લોકમાં બે આજ્ઞાઓ કરેલી છે : (૧) પોતાના આચાર્યે સેવવા માટે આપેલં કે તેમણે પ્રતિષ્ઠા કરેલું જ સ્વરૂપ પૂજવું. (૨) આચાર્ય તે ધર્મવંશના હોવા જોઈએ.

મંદિરોમાં પૂજવા માટે ભગવાનના ચલ અને અચલ બે પ્રકરાના સ્વરૂપો હોય છે. અચલ સ્વરૂપોમાં ચિત્રપ્રતિમાનો પણ સમાવેશ થાય છે. આવાં સ્વરૂપોને આચાર્ય મહારાજ પ્રતિષ્ઠાવિધિ કરાવીને પધરાવે છે. પૂજામાં કે સેવામાં રાખવાની ચિત્રપ્રતિમા કે ધાતુનું અચલ સ્વરૂપ તે પ્રણાલિકા મુજબનું હોય તો આચાર્ય મહારાજે તેને માટે સંમતિ દર્શાવ્યા પછી તેને પ્રતિષ્ઠિત મૂર્તિ પાસે દષ્ટિ-સ્પર્શ પ્રસાદી કરી પૂજામાં રાખવાની પ્રથા છે. ત્યાર પછી તે સ્વરૂપ પૂજા-સેવવામાં રાખવા યોગ્ય થાય છે.

સત્સંગિજીવનના ૪૮ માં અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે સેવવા-પૂજવા માટેનાં સ્વરૂપોનો નિર્ણય

શિક્ષાપત્રી લખતા પહેલાં જ શ્રીજી મહારાજે પોતે જ કરેલો છે. જૂનાગઢથી નારાયણજીભાઈ સુતારને બોલાવીને તેમની પાસે પોતે મુદ્રામૂર્તિઓ કરાવી ભગવાનના સ્વરૂપોનાં રેખા ચિત્રોનાં બીબા તૈયાર કરાવ્યાં અને મૂર્તિ-મુદ્રાઓ (છાપો) હજારોની સંખ્યામાં છપાવી. ત્યારથી આ સ્વરૂપો જ મુખ્યત્વે સેવા-પૂજા માટે બન્ને દેશમાં કોઠાર તરફથી અપાતાં રહ્યાં હતાં. (આ પ્રથા કેમ જાણે કેમ બંધ થઈ ગયેલી છે અને ત્યારથી સેવા-પૂજામાં રાખવાનાં સ્વરૂપોનું એક ધોરણ કે ચિત્ર આલેખનમાં શુદ્ધતા જળવાઈ રહી નથી.)

આ પ્રકારની મૂર્તિઓ અંગે શ્રીજી મહારાજ પોતે જ કહે છે કે અમારી આજ્ઞા છે જે હરિભક્ત માત્રને શ્રી નરનારાયણની મૂર્તિ કાગળમાં લખાવી દેશું તે પૂજજ્યો. અને એ પૂજા એ સર્વે શાસ્ત્રે કરીને પ્રમાણ છે અને શ્રીમદ્ ભાગવતને વિશે પણ અષ્ટ પ્રકરાની મૂર્તિ કહી છે. માટે ચિત્રમૂર્તિ પણ અતિ પ્રમાણ છે. અને અમારી આજ્ઞા પણ છે.

તમે સર્વ હરિભક્ત એમ મનમાં લાવશોમાં જે એ તો કાગળ ઉપર ચિત્રામણ છે તે આપણી કેમ કુસંગ થકી રક્ષા કરશે ? એવો ભાવ તો કોય દાડો લાવશ્યો જ માં કાંજે અમે તો સત્પુરૂષ છૈયે તે અમારી આજ્ઞાએ કરીને તમે સર્વે નરનારાયણની પૂજા રાખશો તો અમારે ને નરનારાયણને સુધો મનમેળાપ છે તે અમે નરનારાયણને કહેશું જે 'મહારાજ ! જે પંચવ્રતમાનમાં રહીને અમારી આપેલ જે તમારી મૂર્તિ તેને પૂજે તેમાં તમે અખંડ વાસ કરીને રેજો' માટે એ નરનારાયણદેવ છે તેને અમે સ્નેહરૂપી પાસે બાંધીને જોરાવરિ પણ રાખીશું. માટે તમે સર્વે એમ નિશ્ચે જાણજો જે એ મૂર્તિ તે શ્રી નરનારાયણદેવ પંડે જ છે એવું જાણીને કોઈ દાડે મૂર્તિ અપૂજ રેવા દેશોમાં. અને પ્રાતઃ કાળમાં સ્નાન કરીને ભગવાનની પૂજા કરવીને પછે બીજો ધંધો કરવો. અને જયાં સુધી પંચવ્રતમાનમાં રહીને એ નરનારાયણદેવની પૂજા કરશો ત્યાં સુધી એ મૂર્તિને વિષે શ્રી નરનારાયણ વિરાજમાન રહેશે. એ અમારી આજ્ઞા છે તે સર્વ દઢ કરી માનજો.'' (ગ.પ્ર.પ્ર. ૪૮)

આ શ્લોકમાં 'દત્ત' શબ્દ ઉપર પણ વિચાર કરવા જેવો છે. અહીં 'દત્ત' એટલે 'આપ્યું' એમ અર્થ થાય છે એટલે આચાર્યે જ પૂજવા-સેવવા માટે સ્વરૂપો આપવાં જોઈએ તેવો અર્થ થાય. મંત્રદીક્ષા આપતી વખતે જ પૂજાની મૂર્તિ અપાય તો તે આ શ્લોકની અર્થમર્યાદામાં આવી જાય. પહેલાં અષ્ટ છાપની મૂર્તિઓ જ આ માટે પૂજા માટે આપવામાં આવતી કે જેની છાપો શ્રીજી મહારાજે પોતે જ પસંદ કરેલી હતી. આવી છાપો અમદાવાદ તથા વડતાલ મંદિરમાં મોજુદ છે.

પહેલા સેવા-પૂજાના સ્વરૂપોની જેમ હરિમંદિરોમાં પ્રતિષ્ઠા કરવાનાં સ્વરૂપોનું એક ધોરણ રાખવામાં આવતું હતું. હવે વિવિધ પ્રકારના સ્વરૂપો થયાં છે. વચનામૃતમાં મહદંશે ઉલ્લેખાયેલા અને 'સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતા' અથવા સદ્. પ્રેમાનંદ સ્વામીએ વર્ણવેલા 'સદા શ્વેતાંબર શ્રીજી ધારતા રે, અંબર જરકસિયા કોઈવાર' જેવાં સ્વરૂપો જોવા દુર્લભ થઈ ગયા છે.

**SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR**

**BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE**

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
VASTRAPUR BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000V135
MICR CODE : 380 019 019

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

# શ્રીહરિના ૮ મા વંશજના મુખેથી અમૃતવચનો

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (બાપુનગર)

**વીર હનુમાનજી મહારાજ (અસારવા ગુરુકુળના શતામૃત પાટોત્સવ (૧૭૫ વર્ષ)ના ઉપલક્ષમાં યજ્ઞ મહોત્સવનો વિજય સ્તંભ સ્થાપન વિધિ પ્રસંગે તા. ૫-૯-૨૦૨૫ :** આપણે બધા ખૂબ ભાગ્યશાળી છીએ કે અવાર-નવાર મોટા મોટા પ્રસંગોનો લાભ લેવાનો આપણને મળે છે.



**અયોધ્યાપ્રસાદજી દાદાએ જે હનુમાનજી મહારાજ આપણને આપ્યા છે. હું માનું છું ત્યાં સુધી બહુ ઓછા મંદિરો છે જ્યાં દાદાની મૂર્તિ ખસેડવામાં નથી આવી. જે જગ્યાએ અયોધ્યાપ્રસાદજી દાદાએ પ્રતિષ્ઠા કરી ત્યાં ને ત્યાં જ રહીને છેલ્લા ૧૭૫ વર્ષથી હનુમાનજી દાદા આપણને દર્શન આપે છે. અને અમદાવાદ દેશની પ્રણાલિકા છે કે સિધ્ધાંત સૌથી પહેલો. સિદ્ધાંતમાં કોઈપણ પ્રકારની બાદબાકી આપણે રાખતા નથી. જ્યાં દેવની વાત આવે, ભગવાનની વાત આવે, શાસ્ત્રોની વાત આવે, મૂળ સંપ્રદાયના સિદ્ધાંતોની વાત આવે ત્યાં કોઈપણ પ્રકારે, ક્યાંય પણ કોઈ પણ રીતની ચૂક રહેતી નથી. મહારાજે જે આજ્ઞા આપી હોય, મહારાજે આપણને જે સિદ્ધાંત આપ્યા હોય એ સિદ્ધાંતને વળગીને આપણે છેલ્લા ૨૦૦ થી વધારે વર્ષોથી રહ્યા છીએ અને એજ આપણી મોટામાં મોટી મૂડી છે.** કારણ કે સમયનો જેમ જેમ ઘસારો આવતો જાય એમ એમ સિદ્ધાંતો અને નિયમોમાં અને મહારાજે આપેલી આજ્ઞાઓમાં ક્યાંકને ક્યાંક બાદબાકી થતી હોય છે પણ આપણે બધા બહુ ભાગ્યશાળી છીએ અને ગર્વ થાય કે આપણા અમદાવાદ દેશના સંતો અને હરિભક્તો બધા એક થઈને કઈ રીતે ભગવાનને રાજી કરવા તેના માટે અથાગ પ્રયત્નો આવા ઉત્સવોથી કરતા આવ્યા છીએ.

૧૭૫ વર્ષ જ્યારે આપણે હનુમાનજી દાદાના ઉજવવા જઈ રહ્યા છીએ, ટૂંક જ સમયમાં ઉત્સવનો આપણે લાભ લેવાનો છે. શા. સ્વામી નિર્ગુણદાસજી સ્વામીએ આખો ઈતિહાસ આપણી આ ભૂમિનો અને દાદાની મૂર્તિનો કહ્યો તે ઈતિહાસ આપણે સમજવાનો છે અને એ ઈતિહાસ ખાસ કરીને આપણે સમજીએ અને આપણી ભાવિ પેઢીને આપણા દીકરા દીકરીઓને અહીંયા દર્શન કરવા લાવીએ. શનિવારે જ લાવવા એવું જરૂરી નથી. ગમે ત્યારે લાવી શકો છો પણ અહીંયા આવીએ, દાદાના દર્શન કરીએ અને આપણા દીકરા દીકરીઓમાં પણ આ ભૂમિનો અને હનુમાનજીનો મહિમા જે આપણા કુળ દેવતા છે એમનો મહિમા એમના જીવનમાં ઉતરે એવો આપણે પ્રયત્ન કરવાનો છે. એના માટે જ આ ઉત્સવ આપણે ધામધૂમથી કરી રહ્યા છીએ. કારણ કે દરેક લોકો સુધી આ જગ્યા અને હનુમાનજી દાદાનો ઈતિહાસ પહોંચે એવો આપણે પ્રયત્ન કરવાનો છે.

તો જે જે હરિભક્તોએ આ ઉત્સવમાં અને વિજય સ્તંભ માટે સેવા કરી છે એમને ધન્યવાદ છે અને હજુ પણ વિશેષ જે જે હરિભક્તોએ સેવા ન કરી હોય તેઓ તન, મન, ધનથી આપ જે કંઈ નાની મોટી સેવા કરી શકતા હો એ સેવા કરજો એવો અનુરોધ છે. કારણ કે આ ઉત્સવ પોતાનો જાણીને, પોતાનો માનીને ઉજવવાનો છે. આજના પ્રસંગે આટલી મોટી સંખ્યામાં સંતો અને હરિભક્તો ઉપસ્થિત રહ્યા છો ત્યારે ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ કે આપણો આ ઉત્સવ દાદાનો ૧૭૫ વર્ષનો ઉત્સવ ખૂબ ધામધૂમથી અને સારી રીતે ઉજવાય એવી પ્રાર્થના સાથે જે જે હરિભક્તોએ નાની મોટી સેવા કરી છે તેઓનું મહારાજ ખૂબ રૂડું કરે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

**શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા, શિક્ષાપત્રી ભાષ્ય સપ્તાહ પારાયણ પ્રસંગે, તા. ૮-૯-૨૦૨૫ :** આપણે સૌ ભાગ્યશાળી છીએ, આપણને આવા ઉત્સવ સમૈયાઓ અને એ પણ આટલા મોટા પાયે તેનો લાભ લેવાનો મોકો મળે છે. શરૂઆત આપણે પર્વથી કરી ત્યાર પછી અમદાવાદ દેશમાં એક પછી એક મોટા ઉત્સવો થયા

છે અને **આ સમૈયો એટલા માટે અગત્યનો છે કારણ એક સ્વામિનારાયણ ભગવાને સ્વહસ્તે લખેલું એક માત્ર શાસ્ત્ર એટલે શિક્ષાપત્રી એના જ્યારે ૨૦૦ વર્ષ થતા હોય ત્યરે શિક્ષાપત્રી અને મહારાજે એમાં આપેલી જે આજ્ઞાઓ એ દરેક લોકો સુધી પહોંચે અને દરેક લોકો પોતાના જીવનમાં એ આજ્ઞાઓ ઉતારે જેના થકી લોકોનું જીવન સુધરે. કારણ કે મહારાજે ખાલી મોક્ષ ઉપર ધ્યાન નથી આપ્યું પણ આ લોકમાં પણ સુખી થવા માટે સાધન જો કોઈ હોય તો એ શિક્ષાપત્રી છે. મહારાજનું જ વચન છે કે આ શિક્ષાપત્રીનું પાલન કરશે  એ આ લોકમાં અને પરલોકમાં મહાસુખિયા થશે. આ બહુ સમજવા જેવી વસ્તુ છે અને બહુ સરળ સાધન મહારાજે આપણને આપ્યું છે. એનું પાલન કરીએ અને હમણાં તો માર્કેટમાં ફેરફાર કરીને ફેરવે છે. પોતપોતાની રીતે પણ એમાં આપણે જવું નથી. આપણને -મૂળ જે સિદ્ધાંત મળ્યો છે. મૂળ સંપ્રદાય મળ્યો છે અને મૂળ પ્રણાલિકા મળી છે એને વળગી રહેવાનું છે.**

લગભગ છ મહિના કરતા પણ ઓછો સમય સમૈયાને રહ્યો છે જે આપણે ધામધૂમથી ઉજવવાનો છે જેની શરૂઆત મૂળીથી થશે. વસંતપંચમીના દિવસે રાધાકૃષ્ણદેવ મૂળીમાં જે બિરાજમાન છે તેમનો પાટોત્સવ અભિષેક, વસંત પંચમીનો ઉત્સવ ત્યારબાદ સાંજથી જે કાર્યક્રમ છે. તા. ૨૩ થી ૨૭ જાન્યુઆરી સુધી. અમદાવાદમાં જે પર્વ ઉજવ્યો હતો એજ સ્થળ ઉપર રાખવાનો છે અને એની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. ટૂંક સમયમાં ગ્રાઉન્ડ ઉપર કામ શરૂ થશે. સ્વયં સેવકોના ફોર્મ પણ બહાર પડ્યા છે. સમૈયાના ઉપલક્ષમાં બધી જ પ્રવૃત્તિઓ ધામધૂમથી થાય છે. હમણાં જ આપણે કાલુપુર મંદિરે ૨૧૨ કલાકની સળંગ ધૂનનો લાભ લીધો. લગભગ ૨૫૦ થી પણ વધુ ગામડાઓના હરિભક્તો, અલગ અલગ વિસ્તારોમાંથી એ પછી ઉત્તર ગુજરાત હોય, મૂળી હોય કે ભુજ હોય, દરેક વિસ્તારમાંથી આવીને હરિભક્તોએ લાભ લીધો અને હવે ગામડે ગામડે ધૂન થવાની છે જેનું નાનું વર્જન ચાલુ કર્યુ છે. સાડા ત્રણ કલાક કહેતા ૨૧૨ મિનિટ ગામડે ગામડે શહેરે શહેરે ધૂન થશે અને આ કાર્ય કાલુપુર મંદિર કરતા પણ **હરિભક્તોની ઈચ્છાથી, હરિભક્તોનો ઉત્સાહ છે, દેવ પ્રત્યેનું સમર્પણ છે. સંપ્રદાય પ્રત્યેની લાગણી છે ત્યારે આવા ઉત્સવ થાય છે. આપણે એકતા રાખી ને સંતો-ભક્તો દેવને રાજી કરવા માટે આપણે કાર્ય કરીએ છીએ ત્યારે આ કાર્ય સફળ થાય છે.**

હમણા જ આવ્યો ત્યારે અભિષેક સ્વામી જોડે વાત થઈ, મહંત સ્વામીને વાત કરી કે થોડો શિયાળો બેસે, ઠંડી બેસે એટલે સમૈયાના ઉપલક્ષમાં આ વિસ્તારમાં કાંકરિયા મણિનગર અને આજુબાજુના નાના મોટા દરેક વિસ્તાર એનો એક બહુ મોટો શાકોત્સવ આપણે કરવાનો છે. જે બહાને દરેક હરિભક્તો ભેગા થાય. સમૈયાના ઉપલક્ષમાં આપણે જે જે કાર્યો કરવાના છે એ દરેક લોકો સુધી પહોંચે, સમૈયામાં વધુને વધુ લોકો જોડાય એના માટે શાકોત્સવ કરવો છે. જેની તારીખ જાહેર થશે. દિવાળી પછી અમદાવાદના દરેક વિસ્તારોની સભાઓ, યુવા શિબિરો થશે જેની નોંધ રાખશો.

ખાસ કરીને વિશેષમાં અહીંયા કાંકરિયા મંદિરના આંગણે શિક્ષાપત્રી ભાષ્યની આટલી સરસ કથા શ્રવણ કરી, જે જે યજમાનોએ લાભ લીધો સૌને ધન્યવાદ છે. શાસ્ત્રી સ્વામીએ જાહેરાત કરી, ઘણા બધા લોકોએ સમૈયાના ઉપલક્ષમાં સેવા લખાવાની પણ શરૂઆત કરી છે. **કોઈ રકમ નાની મોટી હોતી નથી. ભગવાનને રાજી કરવા માટે, કોઈને દેખાડવા માટે નહી, આણે ૧૧ લાખ લખાવ્યા તો હું ૧૨ લાખ લખાવું એવી રીતે નહી, પણ ભગવાને આપણને જેટલી શક્તિ અને ક્ષમતા આપી હોય એ પ્રમાણે ભગવાનને રાજી કરવા માટે લખાવીશું. તો ૧ રૂપિયો મૂક્યો હશે તો કરોડ રૂપિયા બરોબર છે.** આપણે બધા આટલી મોટી સંખ્યામાં ભાવથી અને ઉત્સાહથી અહીંયા જે એકત્રિત થયા છીએ, દેવ પ્રત્યે નિષ્ઠા છે એટલે સંપ્રદાયમાં રહ્યા છીએ એવાને એવા ભાવથી સમૈયામાં પણ સેવા કરવાની છે. પોતાના જીવનું કલ્યાણ થાય, પોતાનું અને પોતાના પરિવારનું રૂડું થાય એના માટે સેવા કરવાની છે. જેમણે સેવા કરી છે એમને ધન્યવાદ છે ને હજુ પણ વિશેષ ઘણો સમય છે. જે જે હરિભક્તોને ઈચ્છા હોય એ સેવા લખાવજો. હરિભક્તોએ જોયો નહી હોય એવો ઉત્સવ અને એવા કાર્યો આ સમૈયાના માધ્યમથી કરવાના છે અને એમાં બધાનો સાથ સહકાર જોઈશે એટલે વિશેષ કરીને સેવા કરવાનો અનુરોધ છે. આવોને આવો ઉત્સાહ આપણા આ વિસ્તારમાં રહે અને મંદિરોની પ્રગતિ થતી રહે એવી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

**સર્વે હરિભક્તોની સગવડતા માટે તથા**
**પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકૂળનાં સંકલ્પથી હવેથી**
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો નવો સ્થાપના દિન**
**દર વર્ષે તા ૨૯ માર્ચના દિવસે ઉજવાશે.**

આસો વદ - ૧૩ ધનતેરસ ના દિવસે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર વર્ષની જેમ શ્રી લક્ષ્મીજીનું પૂજન આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું અને તેમાં મૂકેલ ચાંદીનાં સિક્કા પ્રસાદી રૂપે સૌ હરિભક્તોએ ચાંદીના ભાવ આસમાને હોવા છતાં ખરીદયા હતા.

આ ઉપરાંત કાળી ચૌદસનાં દિવસે પણ મ્યુઝિયમમાં રખાયેલ પ્રસાદીના હનુમાનજીનું પૂજન પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવેલ. અસંખ્ય હરિભક્તોએ તેનો પણ લાભ લીધો હતો. દિવાળીના વેકેશનમાં આપણા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં હરિભક્તો તથા બિન સત્સંગી લોકોનો માનવ મહેરામણ ઉમટ્યો હતો અને સૌ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુના દર્શન કરી પોતાની જાતને ધન્ય અનુભવતા હતા.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ અભિષેકની યાદી

**સપ્ટેમ્બર-૨૦૨૫**

તા. ૦૯-૦૯-૨૦૨૫ પ.ભ.શ્રી ધર્મેન્દ્રભાઈ રાવજીભાઈ પટેલ - નિકોલ (ધર્મેન્દ્ર ડેકોરેશન).
તા. ૧૪-૦૯-૨૦૨૫ પ.ભ.શ્રી મુકેશભાઈ મનસુખભાઈ ગાંધી - નારણપુરા.
તા. ૧૭-૦૯-૨૦૨૫ કચ્છ સાંખ્યયોગી બહેનો - પ્રે. સાંખ્યયોગી નિતાબા.

**ઓક્ટોબર-૨૦૨૫**

તા. ૧૨-૧૦-૨૦૨૫ પ.ભ.શ્રી સ્વપ્નીલ કમલેશભાઈ પટેલ - યુ.એસ.એ. (જમીયતપુરાવાળા).
તા. ૧૪-૧૦-૨૦૨૫ પ.ભ.શ્રી મહેન્દ્રભાઈ ભક્તિભાઈ શીવદાસ પટેલ - વુડવાળા - હા. સોલા ભાગવત.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ ભેટની યાદી ઓક્ટોબર-૨૦૨૫

રૂા. ૧૧,૦૦,૦૦૦/- **પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળાશ્રીના રાજીપા અર્થે** - પ.ભ. સંજયભાઈ રમણભાઈ પટેલ, પ.ભ. મીનાબેન સંજયભાઈ પટેલ, પ.ભ. ભાવિક સંજયભાઈ પટેલ, પ.ભ. ઋતુ ભાવિક પટેલ, આદર્શ ભાવિક પટેલ - રામદાસ બાપા પરિવાર - ઉનાવા - ગાંધીનગર. (પ્રસાદીની વસ્તુની સેવામાં)

રૂા. ૫૧,૦૦૦/- પ.ભ.શ્રી ડાહ્યાભાઈ નારણદાસ પટેલ પરિવાર - માણસાવાળા - દિવાળી પર્વ નિમિત્તે.

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
**www.swaminarayanmuseum.in • email: swaminarayanmuseum@gmail.com**



# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી એકાદશી સત્સંગ-સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) ''આત્મજ્ઞાન રહે તેવા પ્રયત્નો કરવાના''**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

હમણાં થોડા સમયથી અમુક એવા બહેનોને મળવાનું થાય છે કે જેમને સતત આપઘાત કરવાનો વિચાર આવ્યા કરે છે. એવો વિચાર ક્યારેય નહિ કરવાનો. આપણા જીવનમાં જે કાંઈ સુખ દુઃખ આવે છે તે ભગવાનની મરજીથી થઈ રહ્યું છે. એમ ભગવાનની મરજી સમજી લઈએ તો બધુ સ્વીકાર થઈ જાય છે. કોઈપણ કારણસર આત્મઘાતનો વિચાર તો જીવનમાં ક્યારેય નહિ કરવાનો, એવો વિચાર આવવો જ ના જોઈએ અને જ્યારે જીવનમાં એવી વિષમ પરિસ્થિતિ આવે ત્યારે કોઈ નિર્ણય પણ નહિ લેવાનો. કેમ કે એવી વિષમ પરિસ્થિતિમાં જે વૈરાગ્ય આવે છે તે ક્ષણિક વૈરાગ્ય હોય છે. આપણે સાંભળીએ છીએ ને 'ચટકીનો વૈરાગ્ય', 'સ્મશાન વૈરાગ્ય' તેની માફક આવી પરિસ્થિતિમાં સંજોગોવશાત્ જે વૈરાગ્ય આવે છે તે ક્ષણિક હોય છે. માટે બહુ જ ધ્યાન રાખવાનું. જ્યારે વિચાર આવે ત્યારે થોડુંક રોકાઈ જવાનું, શાંતિથી વિચારવાનું. કોઈપણ નિર્ણય નહિ લેવાનો. ઉંઘ ન આવતી હોય તો ઉંઘની ગોળીઓ પણ નહિ લેવાની. માળા કરો, બે માળા અલગ રાખવાની એક પૂજાની અને બીજી તમારી પથારી પાસે રાખો. ગમે ત્યારે મનની શાંતિ માટે માળા કરો. માળા કરતા કરતા કથા સાંભળતા સાંભળતા સૂઈ જાઓ તો પણ ઉંઘ આવી જશે. ઘરમાં ઉંઘની ગોળીઓ રાખવાની જ નહિ. કાંઈક તમને બહુ મોટી તકલીફ હોય અને ડોકટરે ફરજીયાત ઉંઘની ગોળી લેવાની કીધું હોય તો બરાબર છે. આ સંસાર રંગમંચ જેવો છે. સતત નાટકની જેમ બધું ચાલે છે. જેટલા પણ જીવ છે. આ સંસારની અંદર તે બધા પોતપોતાનું પાત્ર ભજવવા આવે છે. નાટક પુરુ થાય એટલે છૂટા પડી જાય છે. આ રંગમંચ ચાલુ જ રહેવાનો છે. આપણે બધા કઠપૂતળી છીએ. દોરી ભગવાનના હાથમાં છે. તમે બધાએ પિકચર ક્યારેય જોયું હશે. પિકચરમાં એ રીતનું કાંઈક આવે કે કોઈકનું મૃત્યુ થાય તો આપણે દુઃખી થઈ જઈએ છીએ. બધું જ ખોટુ છે. એમ ખબર હોય છે તો પણ આપણને રડવું આવે છે. થોડીવાર માટે સાચું માની લઈએ છીએ. પિકચરમાં કોઈનું મૃત્યુ થાય તો **આપણને સૂતક લાગે છે !! તો પછી રડવું શેના માટે આવે છે ??** આ જગતથી નિર્લેપ થઈને રહેવાનું. જો કે રાજા જનક જેવું સંપૂર્ણ નિર્લેપ તો રહી શકાય તેવું શક્ય જ નથી. પણ આપણે પ્રયત્ન ચોક્કસથી કરી શકીએ. **'હું' અને 'મારું' બે ભાગ જુદા જ છે.** 'હું આત્મા છું' એ સત્ય છે. આ દેહમાં પોતાનું શું ? એ સમજવા જેવું છે.

સત્-ચિત્-આનંદ સ્વરૂપ એ પોતાનું છે.

**સત્ - એટલે અવિનાશી** (ત્રિકાળ સત્ય) હતું. છે અને રહેશે.

**ચિત્ત - એટલે જ્ઞાન-દર્શન** જોવું-જાણવું, જ્ઞાતા-દ્રષ્ટા.

**આનંદ - એટલે પરમાનંદ** આત્માનો સ્વાભાવિક ગુણ છે.

આ રીતે પોતે 'શુદ્ધ-આત્મા' છે. ખરેખર પોતે આત્મસ્વરૂપ જ છે. એ ઓળખી જાય તો પોતાને કોઈ દુઃખ અડે તેવું નથી. અને અંતરની શાંતિ ક્યારેય ન જાય એવું પોતાનું આત્મસ્વરૂપ છે. આપણે 'હુ' વિષે સમજ્યા હવે 'મારુ' ભાગ સમજીએ. આપણે મારુ શરીર કહીએ છીએ. મારા 'હાથ' મારા 'પગ' તો જ્યાં જ્યાં મારુ શબ્દ આવે છે તે બધુ **'અનાત્મા'** વિભાગમાં જાય છે. જેમ મારુ ઘર છે. એમ કહીએ તો ઘરમાં રહેવાવાળી વ્યક્તિ ઘરથી જુદી જ હોય છે. એવી રીતે મારુ શરીર છે. એમ કહીએ છીએ તો શરીરમાં રહેવાવાળુ **'ચેતન'** તત્વ **(શુદ્ધ-આત્મા)** એ શરીરથી બિલકુલ ભિન્ન છે. અને એ આપણે પોતે છીએ. પણ આપણને 'આત્મજ્ઞાન' નહિ હોવાને લીધે બન્ને એકરૂપ ભાસે છે. અને જેને બન્ને એકરૂપ ભાસે છે તે **'અંહકાર'** છે. જડ, તત્ત્વ, અર્થાત્ (શરીર) આત્માની હાજરીથી સક્રિય છે. **'જાણપણું,' 'જ્ઞાન', 'આનંદ'** એ બધા આત્માના ગુણો છે. પણ અહંકાર ખાલી માની લે છે કે **'હું જાણું છું.** અહંકાર

એટલે 'ભ્રાંતિ', ભ્રાંતિને લઈને કોઈપણ કાર્ય કરીએ છીએ તો 'હું' કરું છું એવું મનાય છે. **આપણે માત્ર નિમિત્ત છીએ તેમ છતાં કર્તાપણાની ભાવના અહંકારને લઈને આવી જાય છે. કર્તાપણામાંથી નીકળી જવાય તો કર્મ બંધાતું નથી.** આત્મજ્ઞાન આવશે ત્યારે આ બધુ જેમ છે, તેમ સમજવામાં થોડી મદદ મળશે. આત્મજ્ઞાનમાં સતત રહેવું બહુ અઘરું છે. થોડીવાર માટે રહેવાય છે. પાછી કર્તાપણાની ભાવના આવી જ જાય છે. **આધિ, વ્યાધિ, ઉપાધિમાં અંદર સમાધિ રહે, અંદર સતત નિરાકુળતા રહે તે આત્માનું સાચું સુખ છે.** આત્મજ્ઞાન રહે એના માટે રોજ અભ્યાસ કરવો. તમને અનુકુળ હોય તે કોઈપણ સમય પસંદ કરી લો. આંખો બંધ કરીને પોતાને યાદ અપાવવાની કે **આત્મા દેહથી પૃથક છે. 'હું આત્મા છું'** અને મારા જીવનમાં જે સુખ-દુઃખ આવી રહ્યું છે તેની મારા ઉપર અસર થવા દઈશ નહિ. એ આત્મજ્ઞાનની સમજણને વધારે મજબૂત કરવા માટે છે. પછી આપણા જીવનમાં કોઈ અશુભ ઘટના બની ગઈ હોય તે આખી જીંદગી માટે આપણને યાદ રહે છે. એવો કોઈમોટો બનાવ બન્યો હોય, એ ઘટનાને વિચારવાની. એવી રીતે વિચારવાની કે આ ક્ષણે જ બધુ થઈ રહ્યું છે. આંખ આગળ એવી રીતે વિચારીને આત્મભાવ રાખીને આંખો બંધ કરીને જોવાનું પછી ખ્યાલ આવશે કે જે અશુભ ઘટના ઘટી હતી એમાં પણ મારુ સારુ હતું. હું એમાંથી કેવી રીતે બહાર નીકળી. ભગવાને મને આમાંથી બહાર કાઢી એમ ભગવાનનો આભાર માનવાનો. જે કાંઈ થાય છે એ સારા માટે થાય છે. એમ થયા પછી ખબર પડે છે. કદાચ એવું પણ બને કે એ ઘટનામાંથી આપણે બહાર નીકળી ના શક્યા હોઈએ. બધુ સારુ થઈ જાય એવું દરેક વખતે થતું નથી. ઘણી વખત એની એ જ પરિસ્થિતિ રહે છે. તો એ વખતે વિચારી લેવાનું કે મારુ પ્રારબ્ધ હશે. આવેલી પરિસ્થિતિને સહન કરવાની શક્તિ મહારાજે મને આપી એમ ભગવાનનને ધન્યવાદ આપવાના. અને હંમેશા એવું રાખવાનું કે ભગવાને મારી લાયકાત કરતા મને વધારે આપ્યું છે. એમ કૃતજ્ઞતાનો ભાવ રાખીશું ત્યારે ઉદ્‌વેગ ઓછો થશે. દસ ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, પંચભૂત અને પંચતન્માત્રાથી યુક્ત આ શરીર જડ છે. એના માટે શું પ્રીતિ રાખવાની, એમ રાખીશું તો ચિંતા, ઉદ્‌વેગ બધુ ઓછું થશે. અને **કર્તાપણા અને અહમ્‌ભાવથી મુક્તિ મળે છે.** બધુ આપણા હાથમાં નથી **દુઃખ અને મૃત્યુને ટાળી શકાતુ નથી.** કર્મ કરવાની સ્વતંત્રતા ભગવાને આપણને આપી છે. કર્મફળની સ્વતંત્રતા આપણા હાથમાં નથી. ભગવાને પોતાની પાસે રાખી છે. ભગવાન કરશે એ બધુ સારા માટે કરશે. એમ કર્તાપણું ભગવાનને સોંપી દઈશું તો તણાવ અને ચિંતાથી મુક્ત થવાય છે. નાનું બાળક હોય છે. એની પિતાએ આંગળી પકડી હોય તો તેને ચિંતા રહેતી નથી. કેમ કે, પિતા બાળકનો હાથ ક્યારેય નહિ છોડે. પણ બાળક જ્યારે પિતાની આંગળી પકડે તો કદાચ બજારમાં મીઠાઈની દુકાન કે રમકડા જોઈને આંગળી છોડીને દોડી જશે. પણ પિતા પકડે તો છોડતા નથી. આખું જગત માયાની બજાર જેવુ છે. આપણે વિનાશી વસ્તુ જોઈને દોડી જઈએ તો એમા ભગવાનનો શું વાંક ? ભગવાન તો આપણો હાથ પકડવા તૈયાર જ છે. એક બાળકની જેમ ૧૦૦% શરણાગત થઈ જાવ અને એવા બની જાવ કે ભગવાન તમારો હાથ પકડી લે. જ્યારે ભગવાન તમારો હાથ પકડશે ત્યારે કદી નહી છોડે. આ જગતમાં ત્રણ વસ્તુ છે. 'ઈશ્વર', જીવ', 'માયા' એમાં 'જીવ' વચ્ચે છે. જીવ ભગવાન પ્રત્યે આકર્ષિત છે. કેમ કે જીવ ભગવાનનો અંશ છે. પણ જીવને એવી ટીવે હોય છે કે **'જે પ્રત્યક્ષ જુએ છે એનું વધારે આકર્ષણ થાય છે.'** એટલે સ્વાભાવિક રીતે માયાના સકંજામાં આવી જાય છે. કેમ કે માયા પ્રત્યક્ષ છે. ભગવાન પ્રત્યક્ષ નથી. ભગવાન માટે ક્ષણિક લાગણી થાય છે. મંદિરમાં સત્સંગમાં હોય ત્યાં સુધી ભગવાન માટે થાય છે. મંદિરમાંથી બહાર નીકળ્યા પછી ઉંધુ થાય છે. આકર્ષણ કામના ભગવાન માટે ક્ષણિક થઈ જાય છે. અને કર્તાપણાની ભાવના આવી જાય છે. કર્તાપણાની ભાવના દૂર કરવાની એનો મતલબ એ નહિ કે કાંઈ કરવાનું જ નહિ. કાંઈ નહિ કરીએ તો ભગવાન પણ આપણી મદદ નહિ કરે. કાંઈક કાર્ય કરશું તો જ મદદ થશે. દા.ત. કોઈ બહેન હાર પરોવતા હોય કે કાંઈ સેવા કરતા હોય તો આપણને એમ થાય કે ચાલો મદદ કરીએ. એ કાંઈક કરતા હતા તો આપણને મદદ કરવાની ઈચ્છા થઈ. ખાલી બેઠા હોય તો શેની મદદ કરીશું ? એવી જ રીતે જીવ જ્યારે કાંઈ સત્કર્મ કરે છે ત્યારે ભગવાનને પોકારે છે. તો

ભગવાન મદદ માટે આવે છે. ખાલી બેઠા હોઈશું તો શેના માટે આવશે ? **કર્તા-હર્તા ભગવાનને માની અને ભગવાનની મરજીમાં પોતાનું હિત માનવાનું એ જ મોટામાં મોટી પ્રાપ્તિ છે.** નાટક ચાલતું હોય તો નાટકમાં સમયની સીમા નિર્ધારિત હોય છે. કેટલા ટાઈમ સ્ટેજ પર રહેવાનું, શું બોલવાનું, કામ પુરુ થાય એટલે તરત સ્ટેજ ખાલી કરી દેવાનું. આપણા બધાનું પણ આ જગતમાં એવું જ છે. શું પાત્ર ભજવવાનું, કેટલા ટાઈમ માટે આ જગતરૂપી રંગમંચ પર રહેવાનું, તે બધુ નક્કી છે પહેલાથી. તો ભગવાનનો હાથ ક્યારેય નહિ છોડવાનો. જગતના પિતાનો હાથ છૂટી જશે અને બાળક વિખુટું પડશે તો કલાક બે કલાકમાં મળી જશે. પણ ભગવાનનો હાથ છોડી દેશો તો ચોર્યાસી લાખ યોનિમાં ફરવું પડશે. એમ સમજણ રાખીશું તો થોડોક ખટકો રહેશે.

●

## વિશ્વાસુ ભક્ત દાદા ખાચર

- સાંખ્યયોગી કોકીલાબા (સુરેન્દ્રનગર)

પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં શ્રીમુખનાં વચનોનો અમૂલ્ય ગ્રંથ એટલે વચનામૃત. આ આધ્યાત્મિક ગ્રંથ છે. સર્વે શાસ્ત્રોનું તેમાં દોહન છે. તમામ આધ્યાત્મિક પ્રશ્નોનું ભગવાને અદ્‌ભુત નિરાકરણ કરેલ છે. કોઈપણ મુમુક્ષુને સરળ ભાષામાં જીવનું સાચું માર્ગદર્શન મળે છે. મહારાજ તો પોતે પોતાનું ધામ અને અક્ષરમુક્તો તથા પોતાનું સમગ્ર ઐશ્વર્ય લઈને આ બ્રહ્માંડમાં પધાર્યા છે.

લોયાના ૨ વચનામૃતમાં શ્રીજી મહારાજે પ્રશ્ન પૂછ્યો છે જે આ સત્સંગમાં હરિભક્ત ને ક્યારે મૃત્યુનો ભય ટળી જાય ને દેહ છતાં જ પોતાનું કલ્યાણ મનાઈ જાય ? કોઈથી ઉત્તર ન થયો. ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા કે ચાર પ્રકારના જે ભક્ત તેને તો મૃત્યનો ભય નથી રહેતો. તેમાં પહેલો ભક્ત વિશ્વાસુ. તે તો પ્રત્યક્ષ ભગવાન અને તેના સાધુ તેના વચનને વિષે અતિશય વિશ્વાસને પામ્યો છે. માટે આવાજ એક વિશ્વાસી ભક્તની વાત કરવી છે. જેને ભગવાન તથા સાધુના વચનમાં વિશ્વાસ અને પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચે કરીને મૃત્યુનો ભય ટળી ગયો હતો. અને કૃતાર્થપણું મનાય ગયુ હતું. એવા વિશ્વાસી ભક્તનું નામ ‘‘વચનામૃત’’માં પાને પાને આપણા નંદસંતોએ લખેલું છે. જેમનો સમર્પણ ભાવ અજોડ હતો તેથી મહારાજે તેમની પરીક્ષા કરી હતી. જે હે દાદા, આ તમારો ગરાસ છે તે સર્વે તમારી બેનોને લખી આપો. મહારાજના વચન સાંભળીને દાદા ખાચર રાજી થઈને બોલ્યા બહુ સારું મહારાજ લખી આપું. એમ કહીને લેખ કરી આપ્યો.

ત્યારે મહારાજ કહે જે હે દાદા, બેનના રાજમાં તો ભાઈથી રેવાય નહી. ત્યારે દાદો ખાચર કહે જે, હે મહારાજ! કારિયાણી જઈને વસતા ખાચરના ચાકર રહીને નિર્વાહ કરીશું. એવા દાદાખાચરના વચન સાંભળીને મહારાજ કહે જે, એક ટાયડું આપીએ, તે ઉપર બેસીને જાવ. એમ કહીને ટાયડું આપ્યું. તેના ઉપર બેસીને રાધાવાવ સુધી ગયા. ને મહારાજ દાદા ખાચરના ઘરનાં મનુષ્યને કહેજે, ‘‘દાદા ખાચર તો કારિયાણી ચાકર રહેવા સારૂં ગયા. તમે કેમ કરશો ?’’ ત્યારે બાઈ કહે જે ‘‘હે મહારાજ ! તમોએ પતિવ્રતાના ધર્મ લખી આપ્યા છે. તેમાં કહ્યું છે કે પોતાનો પતિ જ્યાં હોય ત્યાં જાવું. તેથી હું પણ ત્યાં જઈશ. ત્યારે મહારાજ કહે, ‘‘ચાલીને જશો કે કાંઈ વાહન જોઈશે ? ત્યારે બાઈ કહે જે, ‘‘વાહન આપો તો ઠીક નહીતર ચાલીને જઈશ. આ બાઈના વચન સાંભળીને વાહન આપ્યું. તેમાં બેસીને રાધાવાવ સુધી એ પણ ગયા.

પછી મહારાજ મોટીબા તથા લાડુબાને કહે જે, ‘‘તમે રાજ લઈને તો બેઠા પણ ભાવનગરની કચેરીમાં કામ આવશે ત્યારે જાવુ પડશે તો કોણ જશે ? ત્યારે બેનો કહે કે મહારાજ અમારે ચાકર રાખવો પડશે. ત્યારે મહારાજ કહેજે, ‘‘દાદા ખાચર કારિયાણી ચાકર રેવા જાય છે, તે તમે બોલાવીને ચાકર રાખો.’’ મહારાજના વચન સાંભળીને બાઈઓ કહેજે, હે મહારાજ ! પાછા બોલાવો. પછી દાદા ખાચરને બોલાવવા સારું મહારાજે માણસને મોકલ્યો ને કહ્યું જે, ‘‘તમારી બેનોનામાં આવીને ચાકર રહો.’’ પછી દાદા ખાચર તથા તેમના ઘરના બંને રાધાવાવથી પાછા આવતા હતા. આવી રીતે પરીક્ષા લીધી તો પણ દાદા ખાચરને લગારેય સંશય ન થયો.

એવી રીતે એમને ઘેર અન્નકોટ, જન્માષ્ટમી, ફુલડોલોત્સવ આદિક ઉત્સવના દિવસ આવે ત્યારે દાદા ખાચરને કહેતા જે ‘‘તમે તમારૂં ઘર ખાલી કરીને બીજે ઘેર રહેવા સારુ જાવ.’’ ત્યારે તે બીજે ઘેર જાય. એવી રીતે

મહારાજ દાદા ખાચરના ઘર બદલાવતાં. ૨૪ વર્ષમાં ૫૬ વાર ઉતારો ફેરવાવ્યો. તે જોઈને મુક્તાનંદ સ્વામી બોલ્યા, “હે મહારાજ, દાદા ખાચર તો દરબાર કહેવાય. તેનો ઉતારો વારે વારે ફેરવવો એ ઠીક નહી.” ત્યારે મહારાજ કહે અમે એમના ઉતારા નથી ફેરવતા. એમના અંતઃકરણ જોઈએ છીએ. અને અમે જેમ જેમ વચન કહેતા ગયા તેમ તેમ નિઃસંશય થતા ગયા. પણ કોઈ દિવસ મહારાજના વચનમાં શંકા કરી નથી. **“અમને રોટલા તો ખાઈ લેવા દો.** એમ પણ કોઈ દિવસ બોલ્યા નથી.

વ્હાલા ભક્તો, લોયાના ત્રીજા વચનામૃતમાં મહારાજ કહે છે કે જેને ભગવાનનો ને સંતનો મહાત્મ્યજ્ઞાને સહિત નિશ્ચય હોય તેથી ભગવાનને અર્થે ને સંતને અર્થે શું ન થાય? એને અર્થે કુટુંબનો ત્યાગ કરે, રાજ્યનો ત્યાગ કરે, સુખનો ત્યાગ કરે, ધનનો ત્યાગ કરે, સ્ત્રીનો ત્યાગ કરે અને સ્ત્રી હોય તે પુરુષનો ત્યાગ કરે.” એમ કહીને પછી સર્વે હરિભક્તના નામ લીધા **તેમાં દાદાખાચરનું નામ લીધું.** તેમજ ગઢડાના અંત્યના ૨૪ માં વચનામૃતમાં જે હરિભક્તને વિશે જે અંગ હોય તેમાં એક અંગ સરસ હોય તે કહીએ છીએ જે તેમાં પ્રથમ દાદા ખાચરને વિશ્વાસનું અંગ એમ કહ્યું છે. જુઓ તો ખરા કેવો મહારાજના વચનમાં વિશ્વાસ હશે ત્યારે તેમની ભક્તિને વશ થઈ ભગવાન તેમને ઘેર રહ્યા.

●

### કઠલાલના રામબાઈ

- કંચનબેન બાબુભાઈ અડાલજા (રતનપર, મૂળીદેશ)

ગુજરાતમાં કઠલાલ કરીને ગામ છે. એ ગામમાં રામબાઈ નામે વૃધ્ધ બ્રાહ્મણી રહેતી હતી. આખા ગામમાં એ એકલી જ શ્રીજી મહારાજની ભક્ત હતી તેથી લોકો તેની મશ્કરી કરતા, તેની હાંસી ઉડાવતાં, અપમાન પણ કરતાં. પણ ડોશીને મન કોઈનો અવગુણ નહિ. લોકો નિંદા કરે તો ડોશી કહે કે હું ઢીલીપોચી છું, તેથી લોકો આમ કરીને મને ભગવાનમાં કાઠી કરે છે. ઘરડે ઘડપણ ડોશીને બધું જાતે કરવું પડે. કૂવે પાણી ભરવા ય જાતે જ જવું પડે.

એકવાર મહારાજ ગુજરાતમાં ફરતા હતા. ફરતા ફરતા કઠલાલની ભાગોળે થઈને નીકળ્યા, ઉતાવળે બીજે પહોંચવાનું હતું, તેથી ગામમાં દાખલ થયા નહિ. ભાગોળના કૂવે સ્ત્રીઓ પાણી ભરતી હતી. તેમણે એ જોયું. થોડીવાર પછી રામબાઈ ડોશી કૂવે પાણી ભરવા આવી. પાણી ભરીને એણે માટલું માથે મેલ્યું, ત્યાં એક બાઈએ કહ્યું, : ‘તમારા સ્વામિનારાયણ હમણાં અહીં થઈને ગયા.’

આ સાંભળ્યું કે ડોશીએ માથાપર પાણી ભરેલા માટલા સાથે દોડવા માંડ્યું ને ગળું ફાડીને બૂમો પાડવા માંડી : ‘મહારાજ, ઉભા રહો! ઉભા રહો! મહારાજ ઘોડેશ્વાર અને સાથે ઘણા હરિભક્તો હતા. તેમણે આ બૂમો સાંભળી. તરત જ એમણે ઘોડી ઉભી રાખી.

ડોશી શ્વાસભેર દોડતી એમની પાસે પહોંચી ગઈ. એવી હાંફી ગઈ હતી કે એનાથી ઉભા રહેવાયું નહિ. માથે પાણીના માટલા સાથે એ બેસી પડી પછી માટલું હેઠે ઉતારી હાથ જોડીને કહે : ‘મહારાજ, મારુ ઘર ટાળીને આમ બારોબાર.’

મહારાજે કહ્યું : ‘શું થાય ? અમારે ઉતાવળે બીજે પહોંચવાનું છે.’ ડોશીએ કહ્યું લ્યો આ જળપાન કરો.’ મહારાજે ડોશીની માટલીમાંથી જળપાન કર્યું. ડોશી કહે : હવે આ માટલીનું જળ પ્રસાદીનું થયું.’ મહારાજે હસીને કહ્યું : ‘શું કરશો આ જળનું ?’ ડોશી કહે : ‘ગામના કૂવામાં નાખીશ! એટલે આખું ગામ આ પ્રસાદીનું જળ પીશે! પછી હું આ ગામમાં એકલી સત્સંગી નહિ હોઉ. કેટલાયે હશે. તે વખતે મારા ગામને ટાળીને તમે કેવી રીતે બારોબાર જાઓ છો તે હું જોઈશ!’

ડોશીની શ્રધ્ધા જોઈ ત્યાં ઉભેલા હરિભક્તો બધા દંગ થઈ ગયા અને મહારાજ પ્રસન્ન થઈ ગયા. મહારાજે ડોશીને આશીર્વાદ દીધા. ‘મા, તમારો સત્સંગ ફળો.’

અને ડોશીમાનો સત્સંગ ફળ્યો તે એવો ફળ્યો કે મહારાજે પોતે ‘વચનામૃત’માં એમને યાદ કરી કહ્યું છે કે ભગવાનનો ભક્ત હોય તે આ કઠલાલની ડોશી જેવો હોય. ભગવાન શરીરની રક્ષા કરે તેનો એને હરખ નહિ. અને રક્ષા ન કરે તેનો એને શોક નહિ. તેનો દેહ ટાંટિયા ઘસીને પડે, અરે, એને વાઘ ખાઈ જાય, સાપ કરડે, શસ્ત્રવાગે, પાણીમાં ડુબી જાય, એમ ગમે તેવી રીતે દેહ પડે તો પણ એતો એવું જ સમજે કે હું ભગવાનના ધામને જ પામવાનો ! આવી મસ્તીથી જે ભગવાનને ભજે એ ભગવાનનો ભક્ત!

બીજા એક પ્રસંગે મહારાજે ‘વચનામૃત’માં કહ્યું છે કે ભગવાનનો ભક્ત હોય ને તેને કોઈ કાર્ય સંજોગે શૂળીએ



મોટા અંકેવાળિયા (મૂળીપ્રદેશ) નૂતન મંદિરમાં પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



રતનપર (મૂળીપ્રદેશ) નૂતન મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વિધિ કરતા
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



કાંકરિયા મંદિરમાં કથા પારાયણ પ્રસંગે આશીર્વાદ આપતા
પ.પૂ.લાલજી મહારાજશ્રી





લાભ પાંચમના કાંકરિયા મંદિરમાં પાટોત્સવ પ્રસંગે શ્રી હનુમાનજીની આરતી ઉતારતા પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ્રાસંગિક સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી

# કાલુપુર મંદિરમાં દીપોત્સવના વિવિધ પ્રસંગો





કાળી ચૌદશ





દિવાળી ચોપડા પૂજન



દીપોત્સવ - મંદિર રોશની






અન્નકૂટ દર્શન







શરદોત્સવ




હવેલીમાં રંગોળી







કાલુપુર મંદિરમાં નિયમિત યોજાતી પૂનમ સત્સંગ સભામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી




સમૈયાના ઉપલક્ષમાં સિધ્ધપુર મંદિરમાં કથા પારાયણ



દશેરાના ઉનાવા મંદિરમાં શસ્ત્ર પૂજન



સમૈયાના ઉપલક્ષમાં કોટેશ્વર મંદિરમાં ૨૧૨ મિનિટની અખંડ ધૂન



સમૈયાના ઉપલક્ષમાં મોટેરા મંદિરમાં ૨૧૨ મિનિટની અખંડ ધૂન



સમૈયાના ઉપલક્ષમાં કલોલ(પંચવટી) મંદિરમાં ૧૨ કલાકની અખંડ ધૂન



સમૈયાના ઉપલક્ષમાં ગાંધીનગર સે.-૨ મંદિરમાં પ.પૂ.ગાદીવાળાશ્રીનાં સાંનિધ્યમાં મહિલા સત્સંગ શિબિર

ચડવાનું આવે અને અમે તે વખતે તેની પાસે ઉભા હોઈએ તોય એ ભક્તના હૃદયમાં એવો ઘાટ થાય નહિ કે આ ભગવાન મને શૂળીના કષ્ટમાંથી બચાવે તો સારું ! એ તો જે કષ્ટ પડે તે ભોગવી લેશે. આવા ભક્તો પર ભગવાનની બહુ પ્રસન્નતા થાય છે.

●

### ભક્તોને શૌર્ય શીખવાડ્યું

- ભાવસાર પલ્લવીબેન વિજયકુમાર (લાંઘણજ)

‘‘ગામ સમીપે આવ્યા જ્યારે બોલ્યા પાળા પ્રત્યે પ્રભુ ત્યારે
ભાગો સોટીઓ સુંદર સારી, પટ્ટા રમતા જાવું છે વિચારી.’’

મહારાજે પાર્ષદોને કહ્યું કે અમને એક વિચાર આવે છે. બપોરના રબારી ભેંસો લઈને આવ્યો ને તમે હાકોટા માર્યા એ ઉપરથી અમને વિચાર આવ્યો કે દરેકની જિંદગીમાં ‘‘શૌર્ય’ શૂરવીરતા તો હોવી જોઈએ. શૌર્ય એક સદ્‌ગુણ છે. માટે કહેવત છે કે ‘‘શાંતિની રક્ષા શૌર્ય’’થી થાય. જેમાં શૌર્ય ન હોય એના જીવનમાં શાંતિ ન રહે. એ ક્યાંક હોમાઈ જાય. એટલે જ આપણા તમામ દેવી-દેવતાના હાથમાં હથિયાર છે. ભગવાન શ્રી રામચંદ્રજીના હાથમાં ધનુષ્યબાણ છે, શ્રીકૃષ્ણ પ્રભુના હાથમાં સુદર્શન ચક્ર છે. ભોળાનાથના હાથમાં ત્રિશુળ છે. માતાજીના હાથમાં તલવાર છે. શા માટે? એમની મરજીથી તો આખું બ્રહ્માંડ ઉથલપાથલ થઈ શકે છે. છતાં તમામ દેવો અવતારો હાથમાં હથિયારો શા માટે રાખે છે. એમાં ભક્તોને પ્રેરણા મળે છે કે શક્તિ કેળવવી, શૌર્ય શીખવું. જો શૌર્ય નહિ હોય તો તમે કોઈ વાતના નહિ રહો. ન ઘરના ન ઘાટના, ન દેશનાં, ન ધર્મના, કોઈના નહિ રહો. શૌર્ય તો શીખવું જ પડે.

એક જૂનું ભજન છે. ‘‘હરિનો મારગ છે શૂરાનો એ ભજનમાં એવું નથી કે હરિનો મારગ છે ઢીલાનો એવું ક્યાંય આવ્યું. સ્વામિનારાયણ ભગવાન પાર્ષદોને કહે શોર્ય માટે તાલિમ તો બધાને લેવી પડે છે. પછી શ્રીજી મહારાજે પાર્ષદો પાસે વૃક્ષની સોટીઓ કપાવી. અને કહ્યું હવે તમને દાવ શીખવાડીએ. સોટી ફરવા માંડે અને એકબીજાને મારવાની હોય છતાં વાગવા દેતી નહી. સોટી પડે ત્યારે કઈ રીતે સોટીથી જ આવતો પ્રહાર ઝીલી લેવાનો એ રીતે શ્રીજી મહારાજે પાર્ષદોને પટા ખેલતા શીખવાડ્યું. અણધારી આપત્તિના સમયે એક સોટી ઉપાડતાં તો આવડવી જ જોઈએ. માટે શૂરવીરતા એક સદ્‌ગુણ છે. અને એ બધાના માટે જરૂરી છે. કુટુંબની રક્ષા, જાતની રક્ષા, ધર્મની રક્ષા, સંસ્કૃતિની રક્ષા, દેશની રક્ષામાં શૌર્ય જરૂરી છે. શ્રીજી મહારાજે પાર્ષદોની સાથે જાતે સોટીઓથી પટાનો દાવ ચાલુ કર્યો.

**‘‘સર્વના સુખ સિન્ધુ અનંત, ઘટ પટ વાસી ભગવંત
એ તો નાવે દાવમાં દયાળ, એમાં શું આશ્ચર્ય છે. વિશાલ.’’**

..... પાર્ષદો સોટીઓ લઈને ફટકારે પણ શ્રીજી મહારાજ કોઈનાય દાવમાં આવે નહિ. એકાદ કલાક તાલીમ આપી ચાલતા ચાલતા ગામ નજીક આવ્યું એટલે મહારાજ બોલ્યા હવે બહુ થઈ ગયું. કેમ કે આ તો લાંઘણજ છે બહુ ધ્યાન રાખજો. સોટીના દાવબંધ કરી દો. સોટીઓ મૂકી દો.

‘‘રાખો રમત કહ્યું છે, નાથ સર્વે દેખશે ગામનો સાથ.’’
એમાં સમાસ નહિ થાયે લેશ, કરશે અસુર જોઈને દ્વેષ.’’

આ ગામવાળા નિંદા કરશે. આ તો સ્વામિનારાયણ મારા મારી કરતા આવે છે. એટલે મહારાજે પટા રમત બંધ કરાવી પછી લાંઘણજ ગામમાં પધાર્યા.

**શ્રી સ્વામિનારાયણ મંદિર બદ્રીનાથધામ નવા મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર બદ્રીનાથધામના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજી ગુરુ ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડાવાળા)ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

**શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા (યુ.પી.) નવા મહંત સ્વામીની નિયુક્તિ**

શ્રી સ્વામિનારાયણ મંદિર અયોધ્યા (યુ.પી.) ધામના નવા મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી નારાયણવલ્લભદાસજી ગુરુ સ.ગુ. સ્વામી હરિસેવાદાસજી (વડનગર મહંતશ્રી)ને નિયુક્ત કરવામાં આવ્યા છે. સંપર્ક : ૯૨૭૮૦૦૪૨૭૯

**જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના નવા પૂજારીશ્રી**

જેતલપુરધામ શ્રી રેવતીજી બળદેવજી હરિકૃષ્ણ મહારાજના નવા પૂજારી સ.ગુ. મહંત શા. સ્વામી આત્મપ્રકાશદાસજી ગુરુ શાસ્ત્રી સ્વામી નરનારાયણદાસજી તથા સ.ગુ. મહંત સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજીને નિયુક્ત કરવામાં આવ્યા છે.

॥ શ્રી સ્વામિનારાયણ નમઃ ॥

## શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર દ્વારા ઉજવનાર
## શિક્ષાપત્રી લેખનના ૨૦૦ વર્ષના

# સમૈયો ના યજમાનશ્રી

**વિશેષ સેવા તથા માહિતી માટે કાલુપુર મંદિર કોઠાર ઓફિસ અથવા નજીકના મંદિરના આગેવાન સંતોનો સંપર્ક કરવો**

| | |
|---|---|
| ● **સંતોની રસોઈના યજમાનશ્રી (દરરોજ સવાર બપોર સાંજ - દિવસ પ્રમાણે રકમ ફેરફાર રહેશે)** | **2,51,000 થી 5,51,000** |
| ● **સાંખ્યયોગી બહેનોની રસોઈના યજમાનશ્રી (દરરોજ સવાર બપોર સાંજ-દિવસ પ્રમાણે રકમ ફેરફાર રહેશે)** | **2,51,000 થી 5,51,000** |
| ● **મુખ્ય ભોજનાલયમાં હરિભક્તોના ભોજન પ્રસાદના યજમાનશ્રી (દરરોજ સવાર બપોર સાંજ - દિવસ પ્રમાણે રકમ ફેરફાર રહેશે )** | **5,51,000 થી 31,00,000** |
| ● શિક્ષાપત્રી ભાષ્ય સંહિતા પાઠના યજમાનશ્રી (૨૦૦ સંહિતાના યજમાનો) | **5,00,000** |
| ● શ્રી નરનારાયણદેવના અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **5,51,000** |
| ● શ્રી નરનારાયણદેવના વાઘાના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **2,51,000** |
| ● શ્રી રાધાકૃષ્ણદેવના અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **5,51,000** |
| ● શ્રી રાધાકૃષ્ણદેવના વાઘાના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **2,51,000** |
| ● શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજના અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **5,51,000** |
| ● શ્રી ધર્મદેવ ભક્તિમાતા હરિકૃષ્ણ મહારાજના વાઘાના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **2,51,000** |
| ● અક્ષરભુવન શ્રી બાલ ઘનશ્યામ મહારાજના અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **3,51,000** |
| ● અક્ષરભુવન શ્રી બાલ ઘનશ્યામ મહારાજના વાઘાના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **1,51,000** |
| ● રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **3,51,000** |
| ● રંગમહોલ શ્રી ઘનશ્યામ મહારાજના વાઘાના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **1,51,000** |
| ● હવેલી શ્રી ઘનશ્યામ મહારાજના અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **1,51,000** |
| ● હવેલી શ્રી ઘનશ્યામ મહારાજવાઘાના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **1,51,000** |
| ● શ્રી હનુમાનજી મહારાજના વાઘા તથા અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ - વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **2,51,000** |
| ● શ્રી ગણપતિજી મહારાજના વાઘા તથા અન્નકૂટના યજમાનશ્રી (૫ દિવસ દરરોજ અન્નકૂટ - વાઘા થશે અલગ અલગ યજમાન લાભ લઈ શકશે) | **2,51,000** |
| ● ફુલહનારના યજમાનશ્રી (૫ દિવસ અલગ-અલગ યજમાનો લાભ લઈ શકશે) | **5,00,000** |
| ● શિક્ષાપત્રી સમૂહ મહાપૂજાના યજમાનશ્રી | **51,000** |
| ● શિક્ષાપત્રી સમૂહ મહાપૂજાના સહ યજમાનશ્રી | **21,000** |
| ● ૧ દિવસીય સર્વમંગલ નામાવલિ યજ્ઞના યજમાન (૨૧૨ કુંડી) | **1,11,111** |
| ● તા. ૨૪-૧-૨૬ રાત્રી કાર્યક્રમના યજમાનશ્રી (૩ દિવસના ૩ યજમાન) | **11,00,000** |

**મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી : 98250 31877**

**કોઠારી સ્વામી શાસ્ત્રી સ્વામી નારાયણમુનિદાસજી : 99099 76009**

**૧ લાખથી વધુની સેવા કરનાર ભક્તોના નામ પત્રિકામાં લખવામાં આવશે.**

# શ્રી સ્વામિનારાયણ સમૈયો ના ઉપલક્ષમાં

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર (સે-૨)**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ કાલુપુર મંદિરના પૂ. મહંત સ.ગુ. શા. સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજીની પ્રેરણાથી તથા કોઠારી સ્વા. ભક્તિજીવનદાસજીના માર્ગદર્શનથી આપણા ગાંધીગનર સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં આપણા આગામી સમૈયોના ઉપલક્ષમાં ધાર્મિક-સામાજીક પ્રવૃત્તિઓ થઈ તેનો અહેવાલ.

**બ્લડ ડોનેશન કેમ્પ**

(૧) સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર અને હેપી યુથ ફાઉન્ડેશનના સહયોગથી તા. ૧૦-૯-૨૦૨૫ ના રોજ આપણા સે-૨ મંદિરમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણા ભાઈ-બહેનોએ બ્લડ ડોનેટ કર્યું હતું.

(૨) શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ દ્વારા તા. ૧૨-૯-૨૦૨૫ ના રોજ આપણા મંદિરમાં ભજન-કીર્તનનું આયોજન કર્યું હતું. જેમાં વિહાર ગામથી સાંખ્યયોગી બહેનોએ પધારીને ધૂન-ભજન કીર્તન કર્યા હતા.

(૩) તા. ૧૩-૯-૨૦૨૫ ના રોજ રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી ભજન કીર્તન આદિ થયા હતા. જેમાં મુબારકપુરા મહિલા મંડળે કીર્તન ભક્તિની રમઝટ બોલાવી હતી. જેમાં મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો જોડાયા હતા.

(૪) મહિલા સત્સંગ શિબિર : પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા તા. ૨૦-૯-૨૦૨૫ના રોજ સવારે ૮ થી ૧૨ દરમ્યાન યુવતી અને મહિલા ભક્તો માટે મહિલા શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને સતત ૨ કલાક સુધી બહેનોને જ્ઞાનવાર્તાનો અલૌકિક લાભ આપી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે હવેલીના સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી અત્રેની આવી સુંદર પ્રવૃત્તિ જોઈને ખૂબ રાજી થયા હતા. બહેનોએ ખૂબ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. દરેક શિબિરાર્થીઓને ભોજન પ્રસાદ જમાડવામાં આવ્યો હતો.

(૫) શ્રી સ્વામિનારાયણ મંદિર ડાંગરવાના શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે તા. ૨૧-૯-૨૦૨૫ ને રવિવારના રોજ શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન કરવામાં આવી હતી. જેમાં ડાંગરવા ગામના ઘણા હરિભક્તો ધૂનમાં જોડાયા હતા.

(કોઠારી સ્વામી ગાંધીનગર સે-૨)

**ઐતિહાસિક નગરી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહામંત્રની અખંડ ધૂન**

